## જન્મદિને વધામણી



મોહનલાલ એસ વાળંદ
ફોન : ૨૩૨૨૧૪૩૫



પરસોત્તમ
પોપટલાલ પરમાર



ભાવેશ જી સાગર
મો. ૯૦૩૩૫ ૦૩૨૨૧



રીધમ જે શાહ
મો. ૯૯૭૮૯ ૪૯૧૪૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત નાટક 'ફ્લર્ટિંગ ઍટ ૫૦' ભરપૂર મનોરંજક રહ્યું

# આંબેડકર હૉલમાં હાસ્યનું વાવાઝોડું સર્જાયું











## નગરના સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલા અને વૅસ્લી પીટર (કીર્તિ)ની સ્મૃતિમાં આયોજિત કાર્યક્રમ પ્રેક્ષકો માટે યાદગાર બની રહ્યો

ગાંધીનગર, તા. ૯

'સમાજમાં એવી ઘટનાઓ જોવામાં આવે છે કે મોટી ઉંમરનો પુરુષ લગ્નેતર સંબંધો માટે નાની વયની છોકરી ઉપર નજર નાખે છે, પરંતુ ત્યારે એ બાબત પોતે ભૂલી જાય છે કે પોતાના ઘરમાં રહેલી નાની ઉંમરની છોકરી ઉપર પણ એવી જ રીતે દુનિયાનો અન્ય કોઈ પુરુષ નજર નાખી રહ્યો હશે.'

આવો ગંભીર સંદેશ બહુ જ હળવાશથી અને હૃદયસ્પર્શી રીતે ગાંધીનગરના આંબેડકર હૉલમાંથી પ્રસારિત થયો હતો. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નાટ્યસુમન કલા ટ્રસ્ટ અને પૂર્વી પ્રકાશ જાડાવલા નિર્મિત નાટક 'ફ્લર્ટિંગ ઍટ ૫૦' દ્વારા આ સંદેશ સમાજને આપવામાં આવ્યો હતો.

સોમવારે રાત્રે આંબેડકર હોલમાં પ્રસ્તુત આ નાટકે પ્રેક્ષકોને બે કલાક સુધી ખડખડાટ હસાવ્યા હતા અને ભરપૂર મનોરંજન પીરસ્યું હતું. 'વન્સમોર' કહેવું પડે એવાં દશ્યો, 'વાહ' બોલી જવાય એવા સંવાદો અને 'તાળીઓ' પાડ્યા કરવાનું મન થાય એવા જીવંત અભિનયને કારણે નાટ્યનો આ શો અપ્રતીમ સફળતાને વર્યો હતો.

ગાંધીનગરના બે સ્વર્ગસ્થ કલાકાર પિનાકીન વાઘેલા અને વેસ્લી પીટરની સ્મૃતિમાં આ નાટ્ય શોનું મંચન જી ઈ ક્લબ અને ગાંધીનગર ગૃપના ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે સ્વર્ગસ્થ બંને કલાકારોનો પરિચય, તેમના પરિવરાજનોનો પરિચય અને કાર્યક્રમની ભૂમિકા કુંતલ નિમાવત દ્વારા આપવામાં આવી હતી. ત્યારબાદ બંને સદ્ગત કલાકારોના પરિવારજનો, અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને કલાકારોને શ્રદ્ધાંજલી પાઠવવા માટે બે મિનિટનું મૌન પણ પાળવામાં આવ્યું હતું.

નાટકના નિર્માતા વતી પ્રકાશ જાડાવાલાનું અને દિગ્દર્શક વતી આસી. ડિરેક્ટર ચિંતન જાનીનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાના હસ્તે કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ પ્રેક્ષકો હાસ્યના રસમાં તરબોળ થઈ ગયા હતા. અંશુ જોષી લિખિત અને પ્રજા-જય પંડ્યા દ્વારા દિગ્દર્શિત નાટકોને અત્યંત મનોરંજક લાગ્યું હતું.

ભરપૂર મનોરંજક એવા આ નાટકમાં જિગર બુંદેલા, નંદિની મહેતા, ચિંતન જાની, દિગીશા ગજ્જર, શ્રદ્ધા સુથાર, જૈમિન પટેલ, અભય નાગર અને જય પંડ્યા દ્વારા ખૂબ પ્રભાવી અભિનય આપવામાં આવ્યો હતો.

નાટક પૂર્ણ થતાં નાટકના સૌ કલાકારોનું ગાંધીનગર શહેર વતી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રદીપસિંહ બિહોલા ઉપરાંત સિનિયર નાટ્યકાર હસમુખ મૅકવાન, પત્રકાર નીતિન પટેલ, સ્વ. પિનાકીન વાઘેલાનાં પત્ની પારૂલ વાઘેલા, સ્વ. વૅસ્લી પીટરના ભાઈ જૉન પીટર, પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષ ખત્રી આ ઉપક્રમમાં જોડાયા હતા.

સંગીત નાટક અકાદમીના પૂર્વ સભ્ય સચિવ ડૉ. પ્રદીપ આઝાદ, ઈંગ્લિશ ટ્યુટર મૌલિક શુક્લ, નાટ્યલેખક, અભિનેતા નવિન સિંગલ અને નગરનાં જાણીતાં અભિનેત્રી હિના ઉપાધ્યાય આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમના અંત ભાગમાં આભાર દર્શન ગાંધીનગર ગૃપના અગ્રણી હિમાંશુ ભચેચ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા મા-બાપને ભૂલશો નહીં કાર્યક્રમ યોજાયો






સમાજસેવાની અનોખી મિસાલ બનીરહેલા ગાંધીનગરના કડી સર્વ વિશ્વવિદ્યાલયાના સર્વ નેતૃત્વના વિદ્યાર્થી યુવાઓ દ્વારા ૩૧ ડિસેમ્બરનાં રોજ પોતાની પોકેટમનીમાંથી " માં-બાપ ને ભૂલશો નહીં" કાર્યક્રમ યોજી નવાવર્ષની ઉજવણી અનોખી રીતે કરી હતી જ્યારે મોટા ભાગના યુવાનનો પશ્ચિમી સંસ્કૃતિમાં તળબોળ થઈ પાર્ટીઓમાં વ્યસ્ત હતા. સિવિલ હોસ્પિટલ ના દર્દીઓ ને જોકર બનીને હસાવાનુ, જરુરિયાતમંદ વ્યકિતઓને જરૂરિયાત વસ્તુઓ પહોંચાડવાનું કે નિરાશ થઈને આત્મહત્યાના રસ્તે વળેલા વિધ્યર્થીઓ ને સમજાવીને જીવન તરફ પરત વાળવા જેવા ઉમદા કાર્યો કરનારા કડી સર્વ વિશ્વ વિધાલયના સર્વ-નેતૃત્વ ગ્રુપનો વિધાર્થી તન્મય પટેલએ પોતાની પોકેટ મનીમાંથી બચત કરી આ પોગામનું આયોજન કરયું હતું તેમા સાથ સહકાર આપનાર રાહુલ સુખડીયા,કૌશિક પ્રજાપતિ,રાહુલ રંગાણી,વિજેંદ્ર દેવડા, પાર્થ પટેલ,સુરંજ મુજાણી અને માર્ગદર્શક પ્રધ્યાપક ડૉ.ધર્મેદ્ર પટેલ દ્વારા તારીખ ૩૧/૧૨/૨૦૧૭ને રવિવાર એ સર્વ વિધાલય, કડી કેમ્પસમાં ઈન્ડોર સ્ટેડીયમ હોલ,કડી ખાતે ત્યાંના હોસ્ટેલદ્વી બાળકો માટે "માં-બાપને ભુલશો નહીં" કાર્યક્રમ નું ભવ્ય આયોજન કરવામા આવ્યું હતું જેનું મુખ્ય ઉદ્દેશ માબાપના કાર્યો અને યોગદાનનું મહત્વ સમજી અને તેમની વંદના કરી નવાવર્ષીની ઉજવણી કરવાનો હતો જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ગુજરાતના ખ્યાતનામ કલાકાર અજયભાઈ બારોટે હળવી શૈલીમાં મા-બાપ ને ભુલશો નહીં વિષયે રજુઆત કરી હતી,જેમને ગીતમાં લોક સાહિત્યકાર કનુભાઈ મકવાણા, લોક ગાયક સંદીપભાઈ પંડ્યા, હર્ષદભાઈ જાદવ, ભાગ્યેશભાઈ નાયક,મહેશભાઈ યોગિ જેવા કલાકારો એ સંગત પૂરી પાડી હતી. કાર્યક્રમના પ્રારંભે અતીથી તરિકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ પટેલ, મંત્રી ડૉ. મણિભાઈ, આચાર્ય શ્રી કનુભાઈ પટેલ, ડૉ. કપીલભાઈ ત્રિવેદી, ખોડાભાઈ, ડૉ ચંદ્રેશભાઈ અને ડૉ. બાબુભાઈ જેવા મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન સર્વ-નેતૃત્વ ગ્રુપના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં પર્યાવરણની જાળવણી થાય તે હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સેક્ટર -૧૬ની મહાત્મા ગાંધી માધ્યમિક શાળા તેમજ સેક્ટર -૭ના પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.




(૧) ૨૦૧૭માં કયા વરિષ્ટ એનસીપી નેતાનું લાંબી બીમારી બાદ નિધન થયું છે ?
(એ) વસંત શિંદે
(બી) વસંત દાવખરે
(સી) વસંત રાવજી
(ડી) વસંત તડવે

(૨) ઈન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સના પ્રમુખપદે કોની નિમણૂંક કરાઈ છે ?
(એ) વિનય ગોખલે (બી) વિજય આનંદ
(સી) વિનીત જોષી (ડી) વિનય સહસ્ત્રબુધ્ધે

(૩) તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં આરાધનાઈ સંગીત ઉત્સવની ઉજવણી કરાઈ હતી ?
(એ) બિહાર (બી) તામિલનાડુ
(સી) કેરલ (ડી) કર્ણાટક

(૪) તાજેતરમાં રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા સર્વેક્ષણ સમગ્ર ભારતમાં જાન્યુઆરી માસની કઈ તારીખે શરૂ થયું છે ?
(એ) ૧ જાન્યુઆરી (બી) ૨ જાન્યુઆરી
(સી) ૩ જાન્યુઆરી (ડી) ૪ જાન્યુઆરી

(૫) આર્થિક બાબતો અંગેની કેબિનેટ કમિટીએ કયા જૈવિક પદાર્થોના પેકેજિંગને ફરજિયાત બનાવ્યું છે ?
(એ) અનાજ-ખાંડ (બી) દૂધ-પનીર
(સી) શાકભાજી-તેલીબિયાં (ડી) સૂકો મેવો

(૬) તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરવામાં આવેલી રૂ. ૧૦ની નવી ચલણી નોટની પાછળ કયા મંદિરની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે ?
(એ) મોઢેરા સૂર્યમંદિર (બી) કોણાર્ક સૂર્યમંદિર
(સી) સૂર્યદેવ મંદિર (ડી) વિજયનંદ મંદિર

(૭) કેન્દ્રીય ખેલ મંત્રી રાજ્યવર્ધન રાઠૌરે કયા સ્ટેડિયમ ખાતેથી ખેલો ઈન્ડિયા લોગોનો શુભારંભ કર્યો હતો ?
(એ) ચેપક સ્ટેડિયમ (બી) ઇડન ગાર્ડન સ્ટેડિયમ
(સી) મેનકા ગાંધી (ડી) જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ

(૮) ૨૦૧૮માં આયોજિત ડી જી કોન્ફરન્સમાં દેશના ત્રણ સૌથી સારા પોલીસ મથકનો એવોર્ડ કયા મંત્રીએ આપ્યો હતો ?
(એ) રાજનાથસિંહ (બી) નિર્મલા સીતારામન
(સી) મનોહર પારિકર (ડી) સુષ્મા સ્વરાજ

(૯) કયા શહેરમાં ઓટોમેટિક ડ્રાઈવિંગ માટે પરીક્ષણ માર્ગ બનાવવાની યોજના શરૂ કરી છે ?
(એ) કરાચી (બી) પર્થ
(સી) બીજીંગ (ડી) બેંગલુરુ

(૧૦) કયો ક્રિકેટ ખેલાડી આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે ?
(એ) રોહિત શર્મા (બી) વિરાટ કોહલી
(સી) એમ એસ ધોની (ડી) એ બી ડીવિલિયર્સ

# પ્રેમની પરિભાષા કરતાં માલિકીભાવની ભાષા અલગ હોય છે

થોડા સમય પહેલા વર્તમાનપત્રમાં એક સમાચાર વાંચ્યા. સમાચારની ઘટના આ મુજબ હતી. એક સંયુક્ત કુટુંબમાં બે ભાઈઓ. બંને ભાઈઓની પત્નીઓ, માં-બાપ અને મોટાભાઈનાં બે બાળકો. મોટાભાઈનાં બે બાળકોમાંનો એક નાનો પાંચ-સાત વર્ષનો દીકરો. નાના ભાઈનું દંપતી નિઃસંતાન. આ નિઃસંતાન દંપતીને પોતાના નાના ભત્રીજા એટલે કે મોટાભાઈનાં નાના દીકરા સાથે તેના જન્મથી જ ખૂબ જ લગાવ થઈ ગયો હતો. નાનો દીકરો પણ સગી માં કરતાં પણ વધારે તેની કાકી પાસે રહે, કાકી ખવડાવે તો જ ખાય, કાકી બહાર જાય તો તેની સાથે જ જાય, અને કાકા કાકીની સાથે જ સૂવે. કાકી પણ એટલા જ લાડ અને પ્રેમ કરે અને સગા દીકરા કરતાં પણ વિશેષ રીતે તેને રાખે. એ દીકરાના જન્મ સમયથી જ કાકા-કાકીને તેના પ્રત્યે વિશેષ પ્રેમ થઈ ગયો હતો એટલે અન્ય કુટુંબીજનો પણ એ વાતે ખુશ હતા કે ચાલો, તેઓ નિઃસંતાન છે પણ પોતાના દીકરાની જેમ એ બાળકને રાખે છે એટલે શેર માટીની ખોટ તેઓને નહીં વરતાય.

એક દિવસ અચાનક, મોટાભાઈની પત્ની એટલે કે પેલા બાળકની માંને શું સુઝયું કે પોતાના નાના દીકરાને લઈને, ઘર છોડીને પોતાના પિયર ચાલી ગઈ. કુટુંબીજનોએ કારણ પુછ્યું તો તેણે કહ્યું કે "પોતાની દેરાણીએ પોતાના નાના દીકરાને પોતાનો કરી લીધો છે. દીકરો પોતાનો છે પણ એ કાકીમાં જ પોતાની માંના દર્શન કરે છે, સતત એ પોતાની કાકી સાથે જ રહે છે અને આ સગી માં પાસે એ ભાગ્યે જ આવે છે." સાસરે પરત આવવાની એ સ્ત્રીએ એવી શરત મૂકી કે પોતાના દેરાણી-જેઠાણી જુદા થઈ જાય અને પોતાના ઘરથી દૂર રહેવા ચાલ્યા જાય ઉપરાંત પોતાના નાના દીકરા સાથે તેઓ કોઈ જ પ્રકારના સંબંધ ના રાખે.

એક સુખી સંયુક્ત કુટુંબમાં અચાનક આ પ્રકારની આપતી શ માટે આવી? નાના દીકરાના જન્મથી જ કાકી-ભત્રીજા વચ્ચે પ્રેમ અને લગાવ હતો તો અચાનક તેની માંને આવું કેમ સૂઝયું? પ્રેમ અને લાગણીથી રહેતી -જેઠાણીને પોતાની દેરાણી પ્રત્યે અચાનક જ નફરતના બીજ કેમ ફૂટી નીકળ્યા?




વર્તમાન પત્રમાં સમાચાર રૂપે આવેલી આ ઘટનાનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરતાં એવું લાગે છે કે એ નાના દીકરાની સગી માંને પોતાના દીકરા પ્રત્યે અનહદ પ્રેમ હતો, વહાલ હતું જે સ્વાભાવિક પણ છે. બીજું એ કે દેરાણીના પોતાના દીકરા સાથેની માં-દીકરા જેવા સંબંધોને કારણે તેને પોતાના દીકરા ઉપર પ્રેમ ઉપરાંત માલિકીભાવ પણ જાગ્યો. એ જાગેલા માલિકીભાવને કારણે પોતે પોતાના દીકરાને કાકીના પ્રેમભાવમાથી છોડાવવા માગતી હતી. આ કારણસર એ પોતાના દીકરાને લઈને પિયર ચાલી ગઈ. વધારામાં એવી શરતો મૂકી જેથી કરીને લાંબે ગાળે પોતાનો દીકરો તેની કાકીને ભૂલી જાય, આ પ્રકારનો માલિકીભાવ સાવ અચાનક કે રાતોરાત ના જાગ્યો હોય. લાંબા સમયથી એ દીકરાની માંના મનમાં મનોમંથન ચાલ્યું હોય, વિચારોનું યુધ્ધ ચાલ્યું હોય અને પછી તેણે આ પ્રકારનો નિર્ણય લીધો હોય.

આ કિસ્સામાં નાના બાળકની સગી માંને પોતાના દીકરા પ્રત્યે માલિકીભાવ જાગ્યો તેના કેટલાક કારણો હોય શકે. એમાનું એક કારણ એ હોય શકે કે દીકરાની માંને એવું લાગ્યું હોય કે પોતાનો દીકરો તેની કાકીને પોતાના કરતાં વધારે પ્રેમ કરે છે. તેને કારણે એવો ભય લાગ્યો હોય કે ભવિષ્યમાં કદાચ પોતાનો દીકરો પોતાને જ એટલે કે સગી માંને ભૂલી જાય, સદાયને માટે તેની કાકીનો થઈ જાય અને પોતે પોતાનો દીકરો ખોઈ બેસે. આમ તેના મનમાં અસલામતિનો ભય જાગ્યો હોય. બીજું કારણ એ હોય શકે કે તેને પોતાની દેરાણી પ્રત્યે ઈર્ષા ભાવ જાગ્યો હોય. આ ઈર્ષાભાવ જાગવાનુ કારણ એક જ હોય કે પોતાનો સગો દીકરો તેની કાકીમાં પોતાની માં જોતો હતો.

માનવીય સંબંધોમાં પ્રેમની પરિભાષા કરતાં માલિકીભાવની ભાષા અલગ હોય છે. પ્રેમભાવ અને માલિકીભાવ વચ્ચે બહુ પાતળી ભેદરેખા હોય છે. પોતાના પ્રેમભાવની સાથે ક્યારે માલિકીભાવ પણ આવી જાય છે એ વ્યક્તિને પોતાને પણ ખબર નથી રહેતી. માલિકીભાવ ધરાવતી વ્યક્તિ તો એવું જ માનતી હોય છે કે એ તો પોતાનો એ વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ છે, લગાવ છે, લાગણી છે અને એનું પોતે ગૌરવ પણ લેતી હોય છે.

માનવીય સંબંધોમાં માલિકીભાવ અને અંકુશ વચ્ચે પણ પાતળી ભેદરેખા હોય છે. દરેક પ્રકારના માનવીય સંબંધોમાં ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈક રીતે, હંમેશા નહીં તો ક્યારેક ક્યારેક, દરેક સંબંધોમાં નહીં તો કેટલાક સંબંધોમાં એક યા બીજી વ્યક્તિ, સંબંધોના નાતે અન્ય સંબંધિત વ્યક્તિ ઉપર જોહુકમી ચલાવતી જ હોય છે. વ્યક્તિ પોતાના સંબંધોમાં પોતાના સત્તાધિકારનો સંપૂર્ણ ઉપયોગ કરતી હોય છે. પોતાના સંબંધોમાં પોતાનો અંકુશ રાખવા પ્રયત્ન કરતી હોય છે. જે વ્યક્તિ પોતાનો અંકુશ જમાવવા પ્રયત્ન કરતી હોય છે તેને સામેની વ્યક્તિ પ્રત્યે કદાચ પ્રેમભાવ કે સ્નેહભાવ હોય અને ના પણ હોય જ્યારે માલિકીભાવમાં મોટેભાગે બે વ્યક્તિ વચ્ચે પ્રેમભાવ કે સ્નેહભાવ હોય જ છે. જ્યાં પ્રેમભાવ ના હોય ત્યાં માલિકીભાવ જાગવાની શક્યતાઓ ઓછી રહે છે.

માલિકીહક્ક ધરાવનાર વ્યક્તિ ક્યારેક પોતે એવું સ્થાપિત કરવા માંગતી હોય છે કે જે સ્નેહી ઉપર પોતાનો માલિકીભાવ છે તેનો જીવન આધાર પોતે જ છે અને પોતાના વિના એ વ્યક્તિ જીવી જ શકે નહીં, તે પોતાના ઉપર જ નિર્ભર છે. એ વ્યક્તિ પોતની પ્રિય વ્યક્તિને સતત એવી અનુભૂતિ કરાવવા ઈચ્છે છે કે તેના જીવનનું કેન્દ્રબિંદુ પોતે જ છે. (ક્રમશઃ)

